# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

સત્યમેવ જયતે

કિચન બ્લોક, જોરાવર પેલેસ કંમ્પાઉન્ડ, પાલનપુર જિ-બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

ફોન નંબર : 02742 257055 E-mail Id : bnsdeo@gmail.com


ક્રમાંક:અનદ-મકમ/પટાવાળા/ફેરફાર/૨૦૨૫/૨૯૪૬૫-૬૭ તારીખ :-૦૪/૧૨/૨૦૨૫

પ્રતિ,

(૧) પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
સંબંધિત શાળા સંચાલક મંડળ, તમામ.

(૨) આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ,
તમામ, જિલ્લો-બનાસકાંઠા અને વાવ-થરાદ.

વિષય :- પટાવાળાના કામગીરી ફેરફાર આદેશ કરવા અંગેની દરખાસ્ત મોકલી આપવા બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૪/સી.સી.-૨૮/ગ, તા.૦૨/૦૨/૨૦૧૬.

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2025/1241/G, તા.૧૬/૦૮/૨૦૨૫.

(૩) મે.નાયબ શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨), કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો પત્ર ક્રમાંક:COS/PCB/e-file/276/2024/1659/Higher Secondary Section, તા.૦૪/૧૦/૨૦૨૫.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેના જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે સંદર્ભ દર્શિત (૧) ના ઠરાવની જોગવાઇઓ અનુસાર પટાવાળા સંવર્ગના મળવાપાત્ર મહેકમની સામે વધારે કર્મચારી ફરજ બજાવતાં હોય તો આવા પટાવાળા સંવર્ગના કર્મચારીશ્રીઓને કામગીરી ફેરફાર આદેશથી અન્ય શાળા ખાતે ફેરબદલી કરવાની થાય છે.

સદર બાબતે સંદર્ભ દર્શિત (૧) ના ઠરાવની જોગવાઇઓ અનુસાર મળવાપાત્ર પટાવાળાની સામે જે શાળાઓમાં વધારે પટાવાળા ફરજ બજાવતાં હોય તો આવી શાળાઓએ નીચે મુજબના આધારો સહીતની નિયત નમૂનાની દરખાસ્ત દિન-૦૫ માં અત્રેની કચેરીની સંબંધિત શાખા ખાતે જમા કરાવવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

<u>દરખાસ્ત સાથે રજુ કરવાના આધારો</u>

(૧) માહિતી પત્રક
(૨) વર્ગ-૪ ના કર્મચારીશ્રીઓની વિગત દર્શાવતું પત્રક
(૩) વર્ગ-૪ ના કર્મચારીશ્રીઓના નિમણૂંક હુકમ અને સેવાપોથીના પ્રથમ બે પાનાની પ્રમાણિત નકલ
(૪) તા.૩૧/૦૮/૨૦૨૫ ના રોજના CTS ડેશબોર્ડ તેમજ વિદ્યાર્થી દૈનિક પોથીની પ્રમાણિત નકલ.
(૫) તા.૩૧/૦૮/૨૦૨૫ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા દર્શાવતું ધોરણ અને પ્રવાહ મુજબનું પ્રમાણપત્ર.
(૬) કામગીરી ફેરફાર કરવાપાત્ર કર્મચારીઓની વિગત દર્શાવતો શાળા સંચાલક મંડળનો ઠરાવ
(૭) કામગીરી ફેરફાર કરવાપાત્ર કર્મચારીશ્રીઓનું બાંહેધરી પત્રક
(૮) અન્ય જરૂરી જણાય તે આધાર/પુરાવાની પ્રમાણિત નકલો

આ સિવાય જે શાળાઓમાં નિયમાનુસાર એકપણ પટાવાળા વધ ના હોય તો તેવી શાળાઓએ આ સાથે સામેલ નિયત નમૂના મુજબનું પ્રમાણપત્ર દિન-૦૫ માં સંબંધિત એસ.વી.એસ.ખાતે જમા કરાવવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. શાળા વિકાસ સંકુલ દ્વારા સંબંધિત તમામ શાળાઓના પ્રમાણપત્રોનું એકંદરીકરણ કરી ત્યારબાદ દિન-૦૨ માં અત્રેની કચેરી ખાતે જમા કરાવવાના રહેશે.

સદર કામગીરીમાં આપના તરફથી કોઇ ચૂક કરવામાં આવેલ છે તેવું ભવિષ્યમાં ધ્યાને આવશે તો આવી શાળા વિરુધ્ધ નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની જવાબદારી શાળા સંચાલક મંડળ તેમજ શાળાના આચાર્યશ્રીની અંગત રહેશેં. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર જિ-બનાસકાંઠા

<u>બિડાણ :-</u>

- નિયત નમૂનાનું માહિતી પત્રક.
- વર્ગ-૪ ના કર્મચારીશ્રીઓની વિગત દર્શાવતું પત્રક
- કામગીરી ફેરફાર કરવાપાત્ર કર્મચારીશ્રીઓનું બાંહેધરી પત્રક.
- કામગીરી ફેરફાર આદેશ કરવાપાત્ર ના હોવા અંગેનું પ્રમાણપત્ર.

<u>નકલ રવાના :-</u>

- મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ, સદર કચેરી.

રા- માહિતી તેમજ પ્રમાણપત્રો નિયત સમયમર્યાદામાં પહોચે તે માટે જરૂરી સંકલન તેમજ કાર્યવાહી કરવા સારૂ.

# માહિતી પત્રક

| ક્રમ | શાળાનું નામ | તાલુકો | ડાયસ કોડ | તા.૩૧/૦૮/૨૦૨૫ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા (રીપીટર સિવાય) | વિદ્યાર્થી સંખ્યા મુજબ મળવાપાત્ર પટાવાળાની સંખ્યા | ફરજ બજાવતાં પટાવાળા ની સંખ્યા | વધ (કામગીરી ફેરફાર આદેશ કરવાપાત્ર પટાવાળાની સંખ્યા) | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | | | | | | | | |

તારીખ :- ____/૧૨/૨૦૨૫

સ્થળ :-

આચાર્ય

પ્રમુખ/મંત્રી

# વર્ગ-૪ ના કર્મચારીઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | જન્મ તારીખ | મુળ નિમણૂંકની તારીખ | હાલની શાળામાં દાખલ તારીખ | |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | | | | | | |
| ૦૨ | | | | | | |
| ૦૩ | | | | | | |
| ૦૪ | | | | | | |
| ૦૫ | | | | | | |

તારીખ :- ____/૧૨/૨૦૨૫

સ્થળ :- આચાર્ય પ્રમુખ/મંત્રી

# તા.૩૧/૦૮/૨૦૨૫ ની સ્થિતિએ વિદ્યાર્થીની સંખ્યા દર્શાવતું પત્રક

| ક્રમ | ધોરણ | રેગ્યલર વિદ્યાર્થીની સંખ્યા | રીપીટર વિદ્યાર્થીની સંખ્યા | કુલ વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૯ | | | |
| ૦૨ | ૧૦ | | | |
| ૦૩ | ૧૧ (સા.પ્રવાહ) | | | |
| ૦૪ | ૧૨ (સા.પ્રવાહ) | | | |
| ૦૫ | ૧૧ (વિ.પ્રવાહ) | | | |
| ૦૬ | ૧૨ (વિ.પ્રવાહ) | | | |
| | કુલ | | | |

તારીખ :- ____/૧૨/૨૦૨૫

સ્થળ :- આચાર્ય પ્રમુખ/મંત્રી

# કામગીરી ફેરફાર કરવા અંગેનું કર્મચારીનું બાંહેધરી પત્રક

આથી હું ______________________________ હોદ્દો : પટાવાળા શાળાનું નામ ______________________________ બાંહેધરી આપુ છું કે, મારી શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં તા.૩૧/૦૮/૨૦૨૫ ની સ્થિતિની વિદ્યાર્થી સંખ્યા મુજબ મળવાપાત્ર પટાવાળાની સામે કામ કરતા પટાવાળાની સંખ્યા વધારે હોવાથી શાળાની સિનિયોરીટી અનુસાર મારી કામગીરી ફેરબદલી કરવાની થાય છે. જે બાબતથી હું સંપૂર્ણ પણે વાકેફ છુ તેમજ આ બાબતે હું ભવિષ્યમાં કોઇ પણ પ્રકારની રજુઆત કરીશ નહી. જેની હું ખાત્રી આપું છું. આ સિવાય કામગીરી ફેરબદલી આદેશથી મને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી પાલનપુર જિ-બનાસકાંઠા દ્વારા અન્ય જે શાળામાં ફેરબદલી કરવામાં આવશે ત્યા હું હાજર થવાની બાંહેધરી આપું છું. તેમજ આ બાબતે હું ભવિષ્યમાં કોઇ પણ પ્રકારનો વાંધો દર્શાવીશ નહી.

તારીખ :- ____/૧૨/૨૦૨૫

સ્થળ :-

______________________________

કર્મચારીની સહી અને નામ

આચાર્ય

# કામગીરી ફેરફાર આદેશ કરવાપાત્ર ના હોવા અંગેનું પ્રમાણપત્ર

સંચાલક મંડળનું નામ :- ____________________

શાળાનું નામ :- ____________________

તાલુકો :- ____________________ ડાયસ કોડ :- ____________

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ખાતે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૪/સી.સી.-૨૮/ગ, તા.૦૨/૦૨/૨૦૧૬ થી નિયત થયેલ જોગવાઇ અનુસાર શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ માટે તા.૩૧/૦૮/૨૦૨૫ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા મુજબ પટાવાળા સંવર્ગના મળવાપાત્ર મહેકમની સામે કામ કરતા પટાવાળાની સંખ્યા વધારે ના હોવાથી શાળા ખાતે ફરજ બજાવતાં એક પણ પટાવાળાને ફાજલ કરવાના રહેતા નથી.

ઉપરોક્ત તમામ વિગતોની શાળાના રેકર્ડ આધારીત ખરાઇ કરવામાં આવેલ છે તેમજ ભવિષ્યમાં આ બાબતે ગ્રાન્ટ સહીતનો કોઇપણ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત થશેં તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી અમારી અંગત રહેશે.

તારીખ :- ____/૧૨/૨૦૨૫

સ્થળ :-

આચાર્ય

પ્રમુખ/મંત્રી

મદદનીશ શિક્ષણ નિરીક્ષક

શિક્ષણ નિરીક્ષક